# નવી બેંકમાં વિદેશી હિસ્સેદારી મર્યાદિત

## વિદેશી હિસ્સેદારી પર ૪૯ ટકાની મર્યાદા નક્કી કરાઈ : લાઈસન્સ માટે એનબીએફસી લાયક

નવી દિલ્હી,તા. ૨૨

નવા બેંકિંગ લાઈસન્સ માટે આરબીઆઈએ અંતિમ માર્ગદર્શિકાની જાહેરાત કરી દીધી છે આની સાથે જ બેકિંગ ક્ષેત્રમાં પ્રવેશ કરવા કોર્પોરેટ હાઉસ માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. નવી માર્ગદર્શિકા મુજબ ખાનગી સેક્ટરમાં કંપની અથવા તો ગ્રુપ, જાહેર ક્ષેત્રમાં કંપની અને નોન બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ હવે નોન ઓપરેટિવ ફાઈનાન્સિયલ હોલ્ડિંગ કંપની મારફતે એક બેંક સ્થાપિત કરવા માટે લાયક ગણાશે. બેંકિંગ લાઈસન્સ મેળવવા માટે અરજી કરનારને ધારાધોરણો પાળવાની મુખ્ય જવાબદારી રહેશે. આરબીઆઈએ નવી બેંકોમાં વિદેશી હિસ્સેદારી પર ૪૯ ટકાની મર્યાદા નક્કી કરી છે સાથે સાથે લઘુતમ પેઈડ અપ ઈક્વિટી મૂડી ૫૦૦ કરોડની રહેશે.

જે હેઠળ શરતો પાળીને નવા બેંકિંગ લાઈસન્સ મેળવવાની દિશામાં કોર્પોરેટ હાઉસ પણ આગળ વધી શકશે. આરબીઆઈએ ઘણી બધી શરતો પણ જારી કરી છે. લાઈસન્સ માટે અરજી કરવા માટે પ્રવર્તમાન એનબીએફસી પણ લાયકાત ધરાવશે. આરબીઆઈએ લાઈસન્સ મેળવવાથી કોઈ ચોક્કસ સેક્ટરમાં કંપનીઓને દૂર રાખવાની પણ વાત કરી નથી. આરબીઆઈ વધુને વધુ ક્ષેત્રો બેંકિંગ ક્ષેત્રમાં આગળ આવે તે માટે નવા લાઈસન્સ જારી કરવાની તૈયારીમાં છે.



આનાથી ઘણા મોટા કોર્પોરેટ ગૃહો બેંકિંગ ક્ષેત્રમાં એન્ટ્રી કરી શકે છે. નવા બેંકિંગ લાઈસન્સ માટે અરજી કરવાની તારીખ પહેલી જુલાઈ રાખવામાં આવી છે. આરબીઆઈનું કહેવનું છે કે નવી બેંક માટે યોજનામાં ફાઈનાન્સિયલ બાબતોનો ખાસ ઉલ્લેખ કરવો પડશે. પીએસયુ બેંકો બેંક લાઈસન્સ મેળવવા માટે સ્વતંત્ર છે. બીજી બાજુ આરબીઆઈનું કહેવું છે કે નવી બેંકમાં વિદેશી શેરધારકની હિસ્સેદારી પ્રથમ પાંચ વર્ષ સુધી ૪૫ ટકાથી વધારે હોવી જોઈએ નહીં. અરજી કરનાર બેંકોને બેંક નહીં ધરાવતા ગ્રામિણ વિસ્તારોમાં ઓછામાં ઓછી ૨૫ શાખાઓ બનાવવી પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે નવી બેંક માટે લઘુતમ પેઈડઅપ ઈક્વિટીની રકમ ૫૦૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. આ ઉપરાંત અન્ય શરતોમાં કેટલીક શરતો એવી છે કે નવી બેંકો ડેપ્ટ માર્કેટ, પ્રમોટર કંપનીઓની સિક્યુરીટીમાં મૂડીરોકાણ કરી શકશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૦૪માં યશ બેંકની રચના કરવામાં આવ્યા બાદથી કોઈ નવી ભારતીય બેંક સ્થાપિત કરવામાં આવી નથી. બેંકિંગ ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે ઘણા કોર્પોરેટ હાઉસ પહેલા પણ સંકેત આપી ચુક્યા છે. હવે આરબીઆઈએ અંતિમ માર્ગદર્શિકા જારી કર્યા બાદ આ સંબંધમાં કોર્પોરેટ હાઉસ દ્વારા ગણતરી કરવામાં આવશે. ટૂંક સમયમાં જ બેંકિંગ લાઈસન્સ મેળવા માટે અરજીનો સીલસીલો શરૂ થાય તેવી શકયતા છે. જો કે હજુ સુધી આ સંબંધમાં નક્કર માહિતી મળી શકી નથી. કોર્પોરેટ હાઉસ એક નવી શરૂઆત કરી શકે છે.

### માર્ગદર્શિકામાં શું છે....

આરબીઆઈએ નવા બેંકિંગ લાઈસન્સ મેળવવા માટે આજે અંતિમ માર્ગદર્શિકા જારી કરી હતી આના માટે જે શરતો છે તે નીચે મુજબ છે.

- નવા બેંકિંગ લાઈસન્સ માટે પ્રોપર્ટી અને બ્રોકરેજ ઇન્ડસ્ટ્રીઝમાં કંપનીઓ અરજી નહીં કરી શકે
- પ્રવર્તમાન એનબીએફસી લાઈસન્સ માટે અરજી કરી શકશે
- નવા બેંકિંગ લાઈસન્સ માટે અરજી કરવાની તારીખ પહેલી જુલાઈ
- નવી બેંકોમાં ધિરાણ સાથે સંબંધિત નિયમો કઠોર રીતે પાળવા પડશે
- પીએસયુ બેંક લાઈસન્સ મેળવી શકશે
- નવી બેંકમાં વિદેશી ધારક પ્રથમ પાંચ વર્ષ સુધી ૪૫ ટકાથી વધુ હિસ્સેદારી નહીં રાખી શકે
- અરજીદાર બેંકને ગ્રામિણ અને બેંક ન હોય તેવા વિસ્તારમાં ૨૫ શાખાઓ રાખવી પડશે
- નવી બેંક માટે લઘુતમ પેઈડઅપ ઇક્વિટી ૫૦૦ કરોડ

## મેઘાલયમાં સઘન સલામતી વચ્ચે આજે મતદાન યોજાશે

કોહીમા,તા. ૨૨

મેઘાલયમાં આવતીકાલે વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજનાર છે અને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ઉંચા મતદાનની ખાતરી કરવા તમામ પગલા લેવામાં આવ્યા છે. વિધાનસભાની ચૂંટણીની વાત કરવામાં આવે તો ચૂંટણી મેદાનમાં રહેલા ઉમેદવારોની કુલ સંખ્યા ૩૪૫ છે. આમાં મહિલા ઉમેદવારોની સંખ્યા ૨૫ છે. તમામ રાજકીય પક્ષોએ પોત પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. રાજયમાં કોંગ્રેસની પ્રતિષ્ઠા પણ દાવ પર લાગેલી છે. રાજ્યવિધાનસભાની ચૂંટણીમાં તમામ જગ્યાઓએ ઈવીએમ મારફતે મતદાન થનાર છે જેને લઈને ચૂંટણી પંચે પહેલાથી તૈયારી કરી લીધી છે. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૩ કોંગ્રેસે ૬૦, યુડીપીએ ૫૦ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. અન્ય રાજકીય પક્ષોએ પણ પોત પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. આવતીકાલે મતદાન દરમિયાન ૧૫૦૩૯૦૭ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા તૈયાર છે. ત્રિપુરામાં હાલમાં જ વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી જેમાં ખુબ ઉંચુ મતદાન થયુ હતુ. મેઘાલયમાં ૬૦ બેઠકો માટે મતદાન યોજાનાર છે. આ વખતે મુખ્યમંત્રી મુકુલ સંગમા અને કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ડીડી લતાંગ સહિત ૩૪૫ ઉમેદવાર મેદાનમાં છે. બીજીબાજુ ચૂંટણીનો બહિષ્કાર કરવા કેટલાક સંગઠનોએ જાહેરાત કરી છે. જેમાં પ્રતિબંધિત ખાસી સંગઠનનો સમાવેશ થાય છે. અન્ય જે ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે જેમાં ગૃહપ્રધાન એચડીઆર લિંગદોહ, શિક્ષા પ્રધાન આરસી લાલો, યુડીપીના અધ્યક્ષ ડોનકુપર રોય, વિપક્ષના નેતા અને પીએ સંગમાના પુત્ર કોનરાડ સંગમાનો સમાવેશ થાય છે. કોંગ્રેસે તમામ ૬૦ બેઠકો પર ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. ૧૫ રાજકીય પક્ષો તેમના ભાવિ અજમાવી રહ્યા છે. પીએ સંગમાના નેતૃત્વમાં નેશનલ પિપલ્સ પાર્ટી ૩૨ બેઠકો પર ચૂંટણી લડનાર છે.

## ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મુકવા સરકારનો સાફ ઇન્કાર

નવી દિલ્હી,તા. ૨૨

સરકારે આજે સાફ શબ્દોમાં જણાવ્યું હતુ કે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મુકવાની કોઈ પણ દરખાસ્ત નથી. સાથે સાથે એમ પણ કહ્યુ હતુ કે સ્થાનિક બજારોમાં ડુંગળીની કિંમતમાં હવે ઘટાડાનો દોર શરૂ થયો છે જેથી લોકોને રાહત મળશે. આજે રાજ્યસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં કૃષિ રાજ્યપ્રધાન તારિક અનવરે માહિતી આપતા કહ્યુ હતુ કે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મુકવાની કોઈ યોજના નથી. તેમણે ઉમેર્યુ હતુ કે ડુંગળીનું ઉત્પાદન કરતા વિસ્તારોમાં કમોસમી વરસાદના પરિણામ સ્વરૂપે પાકને માઠી અસર થઈ છે જેથી પૂરવઠાને અસર થઈ છે. આ તમામ પરિબળોના લીધે કિંમતોમાં એકાએક ઉછાળો આવ્યો છે. તેમણે ઉમેર્યુ હતુ કે ડુંગળીની કિંમતમાં તીવ્ર વધારો જાન્યુઆરી સુધી ત્રણ મહિના દરમિયાન જોવા મળ્યો હતો. જો કે આ મહિનાની શરૂઆતથી ડુંગળીની કિંમતમાં ઘટાડાનો દોર શરૂ થઈ ગયો છે. મહારાષ્ટ્રમાં નાસિકમાં હોલસેલ કિંમત આજે કિલોદીઠ ૧૬ રૂપિયા રહી હતી. આ મહિનાની




શરૂઆતમાં કિંમત ૨૫ રૂપિયા સુધી પહોંચી ગઈ હતી. સરકારી રિસર્ચ સંસ્થા એનએચઆરડીએફ દ્વારા જાળવી રાખવામાં આવતા નવા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. આવી જ રીતે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં હોલસેલ કિંમતો સમીક્ષાના ગાળામાં કિલોદીઠ ૨૫ રૂપિયાથી ઘટીને ૧૭.૫૦ રૂપિયા થઈ ગઈ છે. ડુંગળી જેવી અન્ય શાકભાજીની કિમતમાં પણ ઉથલપાથલ જોવા મળી રહી છે. માંગ અને પુરવઠાની સીધી અસર પરિવહન ઉપર પણ થઈ છે. સ્ટોરેજના ખર્ચ અને અન્ય ચીજવસ્તુઓની માંગમાં વધારો થતા તેની પણ અસર જોવા મળી રહી છે. એનએચઆરડીએફના આંકડામાં જણાવવામાં આવ્યુ છે કે ટાઈટ પૂરવઠાના લીધે ડુંગળીની નિકાસમાં ઘટાડો થયો છે. નવેમ્બર ૨૦૧૨ બાદથી તેમાં ઘટાડો ચાલી રહ્યો છે. શિપમેન્ટમાં ૪૦ ટકા સુધીનો ઘટાડો થતા જાન્યુઆરી મહિનામાં આ આંકડો ૮૩૦૪૪ ટન સુધી પહોંચ્યો હતો જે એક વર્ષ અગાઉના ગાળામાં ૧૪૭૨૫૫ ટનની આસપાસનો હતો. નાસિક સ્થિત નેશનલ હોર્ટીકલ્ચર રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશનના જણાવ્યા મુજબ ડુંગળીના પાક હેઠળના વિસ્તારમાં ૧૦ ટકા સુધીનો ઘટાડો થયો છે. આ વર્ષે ૧૦.૮૭ લાખ હેક્ટરથી ડુંગળી પાક હેઠળ વિસ્તાર ૧૦ ટકા સુધી ઘટી જતા તેની પણ અસર જોવા મળી છે પરંતુ એકંદરે ઉત્પાદન ગયા વર્ષની સપાટી પર એટલે કે ૧૭૪ લાખ ટનની આસપાસ રહેવાની શક્યતા છે. મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાત ડુંગળીનું ઉત્પાન કરતા ત્રણ સૌથી મોટા રાજ્યો છે. આ રાજ્યોમાં દુષ્કાળની સ્થિતિ પણ જોવા મળી હતી.

## દુનિયામાં ભારત ૧૯મું સૌથી મોટુ નિકાસકાર

નવી દિલ્હી, તા. ૨૨

સંસદમાં આજે માહિતી આપવામાં આવી હતી કે ભારત વિશ્વમાં ૧૯માં સૌથી મોટા નિકાસકાર દેશ તરીકે છે. વિશ્વવ્યાપી કારોબારમાં હિસ્સેદારી ૧.૭ ટકાની આસપાસની છે. લોકસભામાં લેખિત પ્રશ્નના જવાબમાં નાણારાજ્ય પ્રધાન નમોનારેનમિણાએ કહ્યુ હતુ કે ભારત વિશ્વમાં ૧૨માં સૌથી મોટા



આયાતકાર દેશ તરીકે છે. ૨૦૧૧માં તેની હિસ્સેદારી ૨.૫ ટકાની આસપાસ રહી હતી. ડબલ્યુટીઓના આંતરરાષ્ટ્રીય આંકડાઓ દર્શાવે છે કે ભારત ૧.૭ ટકાની હિસ્સેદારી સાથે ૧૯માં સૌથી મોટા નિકાસકાર દેશ તરીકે છે. વાણિજ્ય સેવામાં વિશ્વમાં ભારત આઠમા સૌથી મોટા નિકાસકાર દેશ તરીકે છે. તેની હિસ્સેદારી ૩.૩ ટકાની છે. વૈશ્વિક મંદીના કારણે દેશની નિકાસ ૨૦૧૨-૧૩ના એપ્રિલ-જાન્યુઆરીના ગાળા દરમિયાન ઘટીને ૨૩૯.૬ અબજ ડોલર થઈ ગઈ છે. નિકાસમાં ૪.૮૬ ટકાનો ઘટાડો નોંધાયો છે. પ્રધાને એમ પણ કહ્યુ હતુ કે નિકાસ દેશના આર્થિક વિકાસમાં અતિ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે. સરકાર નિકાસને પ્રોત્સાહન આપવા જુદી જુદી પોલીસી પગલાઓ નિયમિત રીતે હાથ ધરી છે. તાજેતરમાં સરકારે માર્ચ ૨૦૧૪ સુધી શ્રમ સેક્ટરો માટે બે ટકાની વ્યાજસબસિડી સ્કીમ લંબાવી હતી. નિકાસમાં વધારો થવાથી દેશમાં રોજગારીની તકો પણ વધી છે.

## હૈદરાબાદ બાદ ભારતના અન્ય શહેરોમાં પણ હુમલાની દહેશત

હૈદરાબાદ,તા. ૨૨

હૈદરાબાદમાં સિરિયલ બ્લાસ્ટ થયા બાદ દેશના અન્ય ભાગોમાં આ પ્રકારના બ્લાસ્ટ અને હુમલા થવાની દહેશત રહેલી છે. કારણ કે સંસદ પર હુમલાના અપરાધી અફઝલને ફાંસી આપવામાં આવ્યા બાદ પાકિસ્તાનમાં આતંકવાદીઓની મિટીંગ મળી હતી જેમાં ભારતમાં હુમલા કરવાની વાત કરવામાં આવી હતી. હૈદરાબાદમાં બ્લાસ્ટ થયા બાદ આ બ્લાસ્ટ પાછળ કોનો હાથ છે તેને લઈને નિષ્ણાંતો અને લોકોમાં ચર્ચા ચાલી રહી છે ત્યારે મોટાભાગના લોકો એમ માની રહ્યા છે કે ઈન્ડિયન મુજાહીદ્દીન આતંકવાદીનો હાથ આમા હોઈ શકે છે. કારણ કે બ્લાસ્ટ કરવા માટે જે મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે અમદાવાદ, જયપુર અને બેંગ્લોરમાં કરાયેલા બ્લાસ્ટ જેવો જ છે જેથી તેના ઉપર વધારે શંકા છે. ટિફીન અને સાઈકલનો ઉપયોગ બ્લાસ્ટ માટે કરાયો હતો. એમ પણ માનવામાં આવે છે કે સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરુને ફાંસી આપવામાં આવ્યા બાદ તેનો બદલો લેવાના હેતુથી આ હુમલો



કરવામાં આવ્યો છે. ભારતના ત્યારબાદ તેઓ હોસ્પિટલમાં પણ ગંભીર રીતે નહીં પરંતુ ઘાયલ થયેલા લોકોને મળવા માટે પહોંચ્યા હતા. બે દિવસ અગાઉ દેશના કોઈ ભાગમાં બ્લાસ્ટ થઈ શકે છે તેવી ઈન્ટલિજન્સ બાતમી અંગે પૂછવામાં આવતા શિંદેએ કહ્યું હતું કે આ પ્રકારની બાતમી કોઈ ચોક્કસ ન હતી. સામાન્ય સ્વરૂપની હતી. શિંદેએ એમ પણ કહ્યું હતું કે હાલના તબક્કે આ પ્રકારના હુમલાઓને રોકવામાં પોલીસ નિષ્ફળ ગઈ છે તે અંગે વાત કરવી યોગ્ય નથી. સંસદ સત્ર ચાલી રહ્યું છે જેથી આ મામલાને સંસદમાં પણ ઉઠાવવામાં આવશે. સંસદમાં પણ વધુ માહિતી આપવામાં આવશે.

સંસદમાં બંને ગૃહોમાં નિવેદન કરવાની ખાતરી શિંદેએ આપી હતી. બીજી બાજુ હૈદરાબાદ બ્લાસ્ટને લઈને આજે સતત બીજા દિવસે ઊંડી શોધખોળ હાથ ધરવામાં આવી હતી. બોમ્બ બ્લાસ્ટ કરનાર લોકોની શોધખોળ માટે જુદી જુદી જગ્યાએ દરોડા પાડવામાં આવી રહ્યા છે. શંકાસ્પદ સ્થળોએ અને શખ્સો ઉપર નજર રાખવામાં આવી રહી છે. ગઈકાલથી જ દેશના મોટાભાગના વિસ્તારોમાં એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. બ્લાસ્ટના સંબંધમા હાલ કોઈના ઉપર દોષારોપણ કરવાની બાબત યોગ્ય દેખાઈ રહી નથી. આ તમામ સંજોગોના કારણે ગુપ્ત રીતે તપાસ ચાલી રહી છે.

## સોનાની માંગ ઘટાડવા નવી ડિપોઝિટ સ્કીમ શરૂ કરાશે

નવી દિલ્હી,તા. ૨૨

બજેટ આડે ઓછા દિવસો રહ્યા છે ત્યારે સરકાર સોનાની માંગને અંકુશમાં મુકવાના હેતુસર એક નવી થાપણ યોજના લાવવા સક્રિયપણે વિચારી રહી છે. આંકડાની દૃષ્ટિએ સિસ્ટમમાં સોનાની માંગમાં ઘટાડો કરવાનો આની પાછળ હેતુ રહ્યો છે. ગોલ્ડ ડિપોઝિટ સ્કિમના સ્વરૂપમાં આ યોજના શરૂ થશે. આ સંબંધમાં એક દરખાસ્ત મંત્રાલયના એક વિભાગ દ્વારા સુપ્રત કરી દેવામાં આવી છે. વધુ વિગત આપ્યા વગર સત્તાવાર સૂત્રોએ આ મુજબની માહિતી આપી છે. આ સ્કીમ રિઝર્વ બેંક દ્વારા મંજુર કરવામાં આવેલી જાહેર ક્ષેત્રોની પસંદગીની બેંકો ઉપરાંત ગ્રામિણ વિસ્તારમાં રહેલી પોસ્ટ ઓફિસ મારફતે ઓપરેટ રહેશે. ફિક્સ્ડ ડિપોઝિટ એકાઉન્ટને આવરી લઈને આ સ્કીમ હાથ ધરવામાં આવશે. બેલેન્સ ગ્રામમાં અથવા તો ગોલ્ડ યુનિટની દૃષ્ટિએ જાળવવાની ફરજ પડશે. બેંકના સોના વેચાણ દર ઉપર આધારિત સોનાનો યુનિટમાં જમા રકમ તરીકે આને ગણવામાં આવશે. ફોરેન એક્સચેન્જ ખાતેના ખરીદી અને વેચાણના રેટ મુજબ બજારના દરથી જ બેંક દ્વારા આ રેટ નક્કી કરવામાં આવશે. ગોલ્ડ ડિપોઝિટ સ્કીમથી ઘણા ફાયદા થશે. આનાથી સોનાની માંગમાં ઉલ્લખનીય ઘટાડો થશે. વધુમાં આ સ્કીમ હેઠળ ખાતા ધારકને ડિપોઝિટને ફિક્સ્ડ અવધિની થાપણમાં ફેરવી નાંખવાની તક મળશે. ડિપોઝિટના વખતે નક્કી કરવામાં આવેલા વ્યાજદર મુજબ આ સમગ્ર પ્રક્રિયા આગળ વધશે. સ્કીમને વાણિજ્યરીતે વધુ અસરકારક બનાવવા સરકાર અથવા તો રિઝર્વ બેંક કેટલીક રાહતો પણ આપી શકે છે. આ સ્કીમ અંગે માહિતી આપતા સુત્રોનું કહેવું છે કે આ સ્કીમ અને હાલમાં બેંકો દ્વારા ઓફર કરવામાં આવતી ગોલ્ડ ડિપોઝિટ સ્કીમ વચ્ચે ઘણા અંતરો છે. એક અંતર એ છે કે આ સ્કીમ ખાતાધારકને પ્રોત્સાહન આપશે જેથી સોનાની માંગમાં ઘટાડો થશે. બીજીબાજુ હાલમાં બેંકો દ્વારા જે સ્કીમ ઓફર કરવામાં આવી છે તેનાથી સોના માટેની માંગ વધે છે કારણ કે બેંકો સોના પર વધારાના વ્યાજની ચૂકવણી કરે છે.

## હૈદરાબાદ બ્લાસ્ટ : અમેરિકા સહિતના દેશો દ્વારા ઉગ્ર ટીકા

હૈદરાબાદ,તા. ૨૨

હૈદરાબાદમાં બ્લાસ્ટ થયા બાદ આ બ્લાસ્ટને અમેરિકા સહિતના અન્ય દેશોએ કઠોર શબ્દોમાં વખોડી કાઢીને આની ટીકા કરી છે સાથે સાથે મદદની ખાતરી પણ આપી છે. સંયુક્ત રાષ્ટ્રના વડા બાનકી મુને પણ હૈદરાબાદ બ્લાસ્ટને વખોડી કાઢી આની નિંદા કરી છે.

અમેરિકાએ તપાસમાં મદદ કરવાની પણ ઓફર કરી છે. હૈદરાબાદમાં બ્લાસ્ટ થયા બાદ ગઈકાલ બાદથી ભારતની જુદી જુદી સંસ્થાઓ પોતાની રીતે તપાસ કરી રહી છે. અમેરિકાએ તેની મદદની ઓફર કરી છે. અમેરિકાએ કહ્યું છે કે જો ભારત સરકાર તરફથી વિનંતી કરવામાં આવશે તો તપાસમાં મદદરૂપ થવામાં આવશે. અમેરિકાના વિદેશ પ્રધાન જ્હોન કેરીએ વિદેશ સચિવ રંજન મથાઈને મળવાની યોજના તૈયાર કરી છે. રંજન મથાઈને મળીને અંગત રીતે આ રજૂઆત કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે આ પ્રકારના કાયરતા પૂર્વકના કૃત્યોને અમેરિકા કઠોર શબ્દોમાં વખોડી કાઢે છે. ભારતના વિદેશ સચિવ સમક્ષ મદદની રજૂઆત કરવામાં આવી છે. ભારતના વિદેશ સચિવ માંગ કરશે તો ચોક્કસપણે મદદ કરવામાં આવશે. આતંકવાદના દૂષણને દામવા માટે ભારતની લડાઈમાં અમેરિકા તેની સાથે છે તેવી ખાતરી પણ આપવામાં આવી છે. ભારત સરકારને જે કઈ પણ પ્રકારની જરૂર છે. અમેરિકા ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રના વડા બાનકી મુને પણ કઠોર શબ્દોમાં વખોડી કાઢી આની ટીકા કરી છે. હૈદરાબાદ બ્લાસ્ટને વિશ્વના તમામ દેશો વખોડી રહ્યા છે.

## ચેન્નઈ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાના પ્રથમ દિવસે ૭ વિકેટે ૩૧૬

ચેન્નઈ,તા. ૨૨

ચેન્નઈના ચેપોક મેદાન પર શરૂ થયેલી ચાર ટેસ્ટ મેચોની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે કેપ્ટન માઈકલ ક્લાર્કના અણનમ ૧૦૩ રનની મદદથી પ્રવાસી ઓસ્ટ્રેલિયાએ ભારત સામે રમત બંધ રહી ત્યારે સાત વિકેટે ૩૧૬ રન બનાવી લીધા હતા. આજે ૯૫ ઓવરની રમત પ્રથમ દિવસે રમાઈ હતી. ભારત તરફથી અશ્વિને સૌથી વધુ ૮૮ રન આપી છ વિકેટ ઝડપી હતી.

અગાઉ ઓસ્ટ્રેલિયન કેપ્ટન માઇકલ ક્લાર્કે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ઓસ્ટ્રેલિય તરફથી ડેવિડ વોર્નર અને કોવાને મક્કમ શરૂઆત કરી હતી. પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૬૪ રન બન્યા હતા. સૌથી પહેલા કોવાનની વિકેટ ઓસ્ટ્રેલિયાએ ગુમાવી હતી. તે ૨૯ રન બનાવીને આઉટ થયો હતો. ત્યાર બાદ ઓસ્ટ્રેલિયાને નિયમિત ગાળામાં વિકેટ ગુમાવી હતી. એક વખતે ઓસ્ટ્રેલિયાએ પાંચ વિકેટ ૧૫૩ રનમાં ગુમાવી દીધી હતી. અશ્વિને જોરદાર તરખાટ મચાવ્યો હતો. ઓસ્ટ્રેલિયન છાવણીમાં ખળભળાટ મચાવી દીધો હતો. અશ્વિને છ વિકેટ આજે ઝડપી હતી જેના લીધે ઓસ્ટ્રેલિયા એક વખતે મુશ્કેલીમાં દેખાયુ હતુ. પરંતુ કેપ્ટન માઈકલ ક્લાર્કે બાજી સંભાળી લીધી હતી અને દિવસના અંત સુધી જંગી જુમલો ખડકી દીધો હતો. આજે રમત બંધ રહી ત્યારે ક્લાર્ક ૧૦૩ અને પિટર સિડલ એક રન સાથે રમતમાં રહ્યા હતા. ભારત તરફથી અશ્વિને ૮૮ રન આપી છ વિકેટ ઝડપી હતી. ક્લાર્કે આ સદી પૂરી કરવા માટે ૧૬૯ બોલ લિધા હતા જેમાં ૧૧ ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે. ક્લાર્ક હાલ ખૂબ સારા ફોર્મમાં ચાલી રહ્યો છે. ભારત તરફથી હરભજનસિંહને ફરી એકવાર નિષ્ફળતા મળી હતી. જો કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ ટેસ્ટ રમનાર ખેલાડીઓની યાદીમાં અશ્વિન જોડાઈ ગયો હતો. આ ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયા તરફથી હેનરિક્સ અને ભારત તરફથી ભુવનેશ્વર કુમારે ટેસ્ટ ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો.

## સમાચાર ઝલક

- મમતા બેનરજીના તૃણમૂલના કાર્યકરોએ સરકારી કર્મચારીનો હાથ કાપી નાંખ્યો.
- એરલાઇન્સ ક્ષેત્રે ૮૦ વર્ષ બાદ ટાટાનો પ્રવેશ.
- કોહીનૂર હીરો બ્રિટનનો છે : બ્રિટીશ પ્રાઇમ મીનીસ્ટર કેમરૂન.
- યોગગુરૂ બાબા રામદેવની હિમાલયમાં પ્રવેશબંધી.
- વિદ્યાર્થીઓને શૈક્ષણિક લોન ગેરંટી વગર મળશે.
- ચીનમાં લક્ષ્યાંક પુરો ન થતાં કંપનીએ તેના કર્મચારીઓને ટૂંકા કપડાંમાં ઠંડી વચ્ચે દોડાવ્યો, જો કે કર્મચારીઓ અને કંપની વચ્ચે સમજૂતિ થયેલી હતી.
- રેલ્વે બજેટમાં 'મનરેગા' માટે જાહેરાતની શકયતા.
- વિશ્વ હિન્દુ પરિષદના નેતા પ્રવીણભાઇ તોગડીયાને જમ્મુ-કાશ્મીરમાં પ્રવેશબંધી.
- આગામી બજેટમાં ૧૫ લાખની આવક હોય તો ચાર્ડટ એકાઉન્ટન્ટ પાસે ઓડિટ ફરજિયાત બનશે.
- ગાંધીધામમાં આકાશમાંથી ધગધગતો મિસાલઇનો ટૂકડો પડ્યો.
- બીએસએનએલ મોબાઇલમાં હવે ટીવી ચેનલો પણ જોવા મળશે.
- આ વર્ષે મંગળ પર યાન મોકલશે ભારત : રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી.
- મહાકુંભ મેળામાં સિક્કાઓનો જોરદાર ધંધો, રોજ પરચુરણ બજાર ભરાય છે.
- અમિતાભ બચ્ચના બંગલા 'પ્રતિક્ષા'માં પહેલી વખત શુટીંગ થશે.
- મોરબીમાં પોલીસથી ગભરાઇ નદીમાં પડેલા યુવાનનો મૃતદેહ મળ્યો.
- જૂનાગઢમાં રેલ્વે પોલીસને ગાંઠીયા નહીં આપતાં મારામારી કરી. 'ગાંઠીયા દાદા' બન્યા.
- અમદાવાદમાં પાંચ પૈકી એક સગર્ભા ડાયાબિટીસથી ગ્રસ્ત.
- શોહરાબુદ્દીન કેસમાં સીબીઆઇના બે અધિકારી શંકાનાં દાયરામાં.